### રીઝલ્ટ નબળું આવતાં અંતિમ પગલું

# ઓમ લેન્ડમાર્ક ગર્લ્સ હોસ્ટેલમાં નર્સીંગ કોલેજની વિદ્યાર્થીનીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

ચિલોડા, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના ચિલોડા મોટા ખાતે ઓમ એજયુકેશન કેમ્પસ ખાતે ઓમ લેન્ડ માર્ક ગર્લ્સ હોસ્ટેલમાં મિનાક્ષી પટેલીયા નામની વિદ્યાર્થીનીએ નબળું પરિણામ આવતાં હોસ્ટેલની રૂમમાં દુપટ્ટો બાંધી જીવનલીલા સંકેલી લેવા અંતિમ પગલું ભરી આત્મહત્યા કરતાં વિસ્તારમાં સનસનાટી પ્રસરી જવા પામી હતી. આમ છેલ્લા કેટલાક માસથી યુવતીઓ ગુમ થવા તથા આપઘાત કરવાના કિસ્સા વધતાં વાલીઓમાં અનેક ચિંતાના વમળો શંકા જગાવી રહ્યા છે. આવો એક કિસ્સો ચિલોડા ખાતે ઓમ લેન્ડ માર્ક ગર્લ્સ હોસ્ટેલમાં ૧૯ વર્ષીય મિનાક્ષી ગુલાબભાઈ પટેલીયા નજીકની એ.કે. પટેલ નર્સીંગ કોલેજમાં અભ્યાસ કરતી હતી. તેણીની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી હતી. ત્યારબાદ ૧૫મી સપ્ટેમ્બરે રાત્રિના સમયે પોતાનું રીઝલ્ટ નબળું આવતાં છતે ગળે દુપટ્ટો બાંધી જીવન ટૂંકાવી દીધું હતું. આ ગર્લ્સ હોસ્ટેલમાં નર્સિંગ કોલેજની નવ વિદ્યાર્થીઓ પૈકી મિનાક્ષી પટેલીયા વતન લખાણિયા, તા. કડાણા, જિ. પંચમહાલની રહેવાસી હતી.

તેણીનું રીઝલ્ટ નબળું આવતાં મોડી રાત્રે હોસ્ટેલની રુમમાં હુક સાથે દુપટ્ટો લગાવી આત્મહત્યાનું પગલું ભરતાં તેણીનું મોત નિપજયું હતું. આ બનાવ અંગે હોસ્ટેલ રેકટર રીટાબેન વ્યાસે ચિલોડા પોલીસને જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી યોગ્ય કાયદેસરની કાર્યવાહી આરંભી હતી. આ બનાવ સંદર્ભે વધુમાં માહિતી મુજબ મિનાક્ષી પટેલીયાએ પરીક્ષામાં રીઝલ્ટ બાબતે આત્મહત્યા કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હોવાનું સહધ્યાયી દ્વારા જાણવા મળે છે. ચિલોડા પોલીસે આ બનાવ સંદર્ભે સી.આર.સી. ૧૭૪ મુજબ અકસ્માતથી મોતનો ગુનો નોંધી પી.એસ.આઈ. એસ.બી. વાઘેલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.



સેક્ટર-૫ ખાતે સ્થિત શિવશક્તિ મંદિર ખાતે પૂર્ણ થઈ રહેલા અધિક માસ નિમિત્તે વિશેષ પૂજાનું આયોજન મહિલાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

## બિહારી સમાજ દ્વારા ૧૭મીએ વિશ્વકર્મા જયંતિ ઉજવાશે

બિહારી સમાજ સેવા સંગઠન ગાંધીનગર શાખા દ્વારા વિશ્વકર્મા પુજા મહોત્સવ તા.૧૭મી સપ્ટેમ્બરે બપોરે ૧.૦૦ કલાકે રાખેલ છે. બિહારી સમાજના કુટુંબીજનોએ પુજાનો લાભ લેવા માટે પ્રેમચંદભાઈ પ્રસાદે જણાવેલ છે.

## આજે પ્રજાપતિ સમાજની સામાન્ય સભા

ગાંધીનગર પ્રજાપતિ સમાજની દ્વિવાર્ષિક જનરલ સભા તા. ૧૬મી સપ્ટેમ્બરે બપોરે ૩.૦૦ કલાકે વિશ્રામગૃહ ફુવારા ચ-૫ પાસે મળશે. આગામી બે વર્ષના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવશે. જ્ઞાતિબંધુઓએ હાજર રહેવા જણાવેલ છે.

## આજે વર્ગ-૩ના હેડ કલાર્કના નિમણૂંક ઓર્ડર અપાશે

ગાંધીનગર જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે હેડ કલાર્કની સીધી ભરતીથી પસંદગી પામેલા ઉમેદવારોને આજે તા. ૧૬મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ આંબેડકર હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે નિમણૂંક આપવાનો સમારોહ યોજાશે. સામાજિક ન્યાય અને અધિકારિતાના મંત્રીના અધ્યક્ષપદે ડૉ. આંબેડકર ભવન, સે-૧૨, ગાંધીનગર ખાતે ૧૬મી સપ્ટેમ્બર-૧૨ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના હેડકલાર્ક અને તેની સમકક્ષ સંવર્ગની જગ્યાઓમાં સીધી ભરતીથી પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂંક હુકમ આપવા અંગેના સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

## સેકટર-૧૫માંથી ગૂમ થયેલ યુવતી

પ્રીયાબેન નરેશભાઈ બાબુલાલ શાહ સેકટર-૧૫ કૈલાસધામ લી-૧/ટીમાં રહેતા બેન તા. ૨જી સપ્ટેમ્બરથી ગુમ થયેલ છે. ઘરેથી કોઈને જાણ કર્યા વિના નીકળી ગયેલ છે. ઉંમર ૨૦ની આશરે છે. ઘઉંવર્ણો રંગ લંબગોળ મોઢું આશરે પાંચ ફુટની ઉંચાઈ છે. જમણા હાથમાં કાંડા પર કાણા છુંદણા કોતરાવેલ છે. સાડી, બ્લાઉઝ, ચણિયો પહેરેલ છે. જેની ફરિયાદ સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે. પોલીસ સબ ઈન્સ્પેકટર વી.પુ. ગડારીયા જરૂરી તપાસ કરી રહ્યા છે.

## મગોડી લાટ પાસે અજાણ્યા વાહનની ટક્કરથી બાઈક ચાલકનું સારવાર બાદ મોત

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના મગોડી ગામ નજીક મગોડી લાટ પાસેના માર્ગ પર અજાણ્યા વાહનની ટક્કરથી દહેગામના રહેવાસી વશિષ્ઠકુમાર પંડ્યાને ગંભીર ઉજા પહોંચતા તેમનું મૃત્યું નીપજ્યું હતું.

આ બનાવની વિગત એવી છે કે મગોડી લાટ પાસેના માર્ગ પર દહેગામ આદિનાથ સોસાયટીમાં રહેતા વશિષ્ટકુમાર દિપકકુમાર (ઉં.વર્ષ-૧૮) બપોરે બાઈક નં. જીજે-૧૮-એ.એચ.-૫૩૪૭ લઈને જતા હતા ત્યારબાદ કોઈ અજાણ્યા વાહનની અડફેટેથી અકસ્માત સર્જાતા તેમના માથે ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. ત્યારે સારવાર બાદ મૃત્યું નીપજ્યું હતું. આ અકસ્માત અંગે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી ચિલોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.આર. પટેલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## બાર કોર્ડ રેશનીંગ કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર મહા નગરપાલિકાના મ્યુનિસિપલ કાઉન્સિલર પિન્કીબેન પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, જિલ્લા પુરવઠા અધિકારી સાથે પરામર્શ કરી સેકટર-૧૨ ખાતે બાર કોર્ડ રેશનીંગ કાર્ડ મેળવવા માટેનો કાર્યક્રમ તા. ૧૭મી સપ્ટેમ્બર ૨૦૧૨ થી ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ સુધી યોજાશે.

જિલ્લા પુરવઠા અધિકારી સાથે વિચાર વિમર્શ કરી બાર કોર્ડ રેશનીંગ કાર્ડ મેળવવા માટેનો કાર્યક્રમ સેકટર-૧૨ના તમામ વસાહતીઓ માટે યોજવાનું નક્કી કરાયું છે. કેટેગરી-૨, બ્લોક નં. ૧૧૯/૨, ખાતે આવેલા રેશનીંગની દુકાનનો સંપર્ક કરી નવું બાર કોર્ડ વાળુ રેશનકાર્ડ મેળવી લેવા મ્યુ. કાઉન્સિલર પિન્કીબેન પટેલે ખાસ જણાવ્યું છે.

# સરકારની શિક્ષણ વિરોધી નીતિ સામે કલોલમાં શિક્ષા અધિકારી યાત્રા નીકળી

### એન.એસ.યુ.આઈ.ની યાત્રાનું વિદ્યાર્થીઓ અને કોંગી આગેવાનોએ સ્વાગત કર્યું

ગાંધીનગર, તા. ૧૫

સરકારની શિક્ષણ વિરોધી નીતિ અને વ્યાપારીકરણ સામે ગુજરાત નેશનલ સ્ટુડન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા રાજ્યના ૬ ઝોનમાં શિક્ષા અધિકાર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ બજાવવાના ઉમદા હેતુ સાથે નિકળેલી આ યાત્રા આજે વિરમગામથી કલોલમાં પ્રવેશી હતી. કલોલમાં કોલેજના વિદ્યાર્થીઓ સહિત કોંગી આગેવાનોએ યાત્રાનું સ્વાગત કર્યું હતું.

એન.એસ.યુ.આઈ. દ્વારા ગત તા. ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિન નિમિત્તે શિક્ષા અધિકાર યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજ્યની મોટાભાગની કોલેજોમાં આ યાત્રા પરિભ્રમણ કરે છે. ગુજરાત એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ ગુલાબસિંહ રાજપૂતે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સરકારની શિક્ષણ વિરોધી નીતિ અને વ્યાપારીકરણના લીધે શિક્ષણ ખાડે ગયું છે. રાજ્યમાં સેલ્ફ ફાયનાન્સ કોલેજોનો રાફડો ફાટ્યો છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓની હાલત કફોડી બની છે. વિદ્યાર્થી યુનિયન દ્વારા શિક્ષણ બચાવવા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન આજે અમદાવાદ જિલ્લાના વિરમગામથી કલોલમાં આ યાત્રા પહોંચી હતી. કલોલમાં પી.એચ. ગોસ્વામી આર્ટસ કોલેજમાં વિદ્યાર્થીગણે યાત્રાનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ જાહેરસભાના અંતે શિક્ષા અધિકાર યાત્રા કલોલના જુદા જુદા વિસ્તારમાં પરિભ્રમણ કર્યું હતું. આ તબક્કે કલોલના ધારાસભ્ય સુરેશ પટેલ, તાલુકા પ્રમુખ ગમાજી ઠાકોર, શહેર પ્રમુખ મયુર બ્રહ્મભટ્ટ, યુવક કોંગ્રેસના પ્રમુખ જયદીપ ઠાકોરે યાત્રાનું સ્વાગત કર્યું હતું. એન.એસ.યુ.આઈ.ના મહામંત્રી અંકિત બારોટ, મિહીર બ્રહ્મભટ્ટ, સ્મિત રાવ, વિશાલ જાની તેમજ નગરના કાઉન્સિલર હર્ષ પંડ્યાએ યાત્રાને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજના પ્રમુખ રમીલાબેન કે. પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓનો જીવનસાથી પસંદગી મેળો ૧૪મી ઓક્ટોબરના રોજ યોજવામાં આવશે.

વણકર સમાજના લગ્નોત્સુક યુવક અને યુવતીઓ માટે જીવનસાથી પરિચય સંમેલન તા. ૧૪મી ઓક્ટોબર-૨૦૧૨ના રોજ ૧૧ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. આ અંગેના પ્રવેશ ફોર્મ પ્લોટ નં. ૨૨૮/૨, સેક્ટર-૫-એ, ગાંધીનગરના કાર્યાલય ખાતેથી મળી શકશે. આ અંગેની વધુ જાણકારી ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૨૨૮૫૨ સંપર્ક કરવાથી મળી શકશે.



સૅ-૨૩ ખાતે સ્થિત જ્યોતિશ્વર મહાદેવ મંદિર ખાતે પુરુષોત્તમ માસ નિમિત્તે આયોજિત કથા અંતર્ગત શનિવારે રૂક્ષ્મણી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

## એસ.ટી. ડેપો દ્વારા વાસણ વિજાપુર રૂટની બસ શરૂ કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

એસ.ટી. ડેપો દ્વારા વાસણ વિજાપુર રૂટના અપડાઉનકર્તાઓ માટે બસ શરૂ કરવામાં આવી છે. સવારે નવી બસ સુવિધા ઉપલબ્ધ થતા મહુડી રૂટના પોલીટેકનીકના વિદ્યાર્થીઓની હાલાકીનો અંત આવ્યો છે.

સલામત સવારી એસ.ટી. અમારીના ઓછામણા સૂત્રો વચ્ચે નિયમિત અપડાઉનકર્તાઓ અને ખાસ કરીને વિદ્યાર્થીઓને રૂટ પરની યોગ્ય બસ સુવિધા સમયસર ન મળતી હોવાની બૂમ છાશવારે ઉઠવા પામે છે. છેલ્લા કેટલાક સમયથી માણસા, વિજાપુર અને વાસણ ગામના અપડાઉનકર્તાઓમાં પણ રોષની લાગણી વ્યાપી હતી. જ્યારે મહુડી-વિજાપુર રૂટના પોલીટેકનીકના વિદ્યાર્થીઓમાં પણ સમયસર બસ ન મળતી હોવાથી પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો હતો. જેને ધ્યાને લઈ એસ.ટી. ડેપો દ્વારા માણસા ગાંધીનગર અને ગાંધીનગર વાસણ, વિજાપુર રૂટ પર નવી બસ શરૂ કરવામાં આવી છે. અપડાઉનકર્તાઓની માંગણીને ધ્યાને લઈ સવારના સમયે આ બસ સુવિધા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## કચ્છ જિલ્લાની સરહદના ગામોના વિદ્યાર્થીઓ રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા.૧૫

કચ્છ જિલ્લાના સરહદના ગામોની શાળાઓના વિદ્યાર્થીઓ માટે ભૂજ મિલિટરી સ્ટેશન દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવાસ અન્વયે વિદ્યાર્થીઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

મેજર વિનોદ કંવાસીએ વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવાસની વિગતો આપી હતી. રાજયપાલશ્રીએ વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ વાર્લાપ કર્યો હતો.

## ભટ્ટ મેવાડા સમાજ દ્વારા વિષ્ણુ યાગ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજ દ્વારા પંચદેવ મંદિર ગાંધીનગર ખાતે તાજેતરમાં વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય યજમાન દિલીપભાઈ જોષી દ્વારા આ યજ્ઞમાં ગુજરાતમાં વસવાટ કરતા ભટ્ટ મેવાડા સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

ભટ્ટ મેવાડા સમાજ દ્વારા ત્રિ-દિવસીય વિષ્ણુ યાગમાં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન દાતાઓનું તથા તમામ ભૂદેવોનું સન્માન કરવામાં આવ્યું હતું. દર્શનાર્થીઓએ યજ્ઞની ભસ્મ મેળવી વિષ્ણુયાગના દર્શનનો લ્હાવો લીધો હતો. ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજના હોદ્દેદારો અને કારોબારી સભ્યો દ્વારા આમંત્રિત મહેમાનોનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. સૌ જ્ઞાતિજનોએ આ પ્રસંગે સમુહમાં પ્રસાદ લઈ સમાજની પ્રગતિ અને વિકાસની પ્રાર્થના સાથે સમૂહ આરતીમાં ભાગ લીધો હતો.



## સાદરા ગૌ-સંવર્ધન કેન્દ્રને ગીર ગાયની વાછરડીનું દાન

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત સાદરા ગૌ-સંવર્ધન કેન્દ્રને તરૂલતાબેન સુમનરાય ભટ્ટ અને નિખિલભાઈ સુમનરાય ભટ્ટ તરફથી ગીર ગાયની વાછરડી દાનમાં આપવામાં આવી હતી. ગૌ-સંવર્ધન કેન્દ્રના રમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, દાનમાં મળેલી ઊંચી બ્રિડની વાછરડીનો ઉપયોગ ગીર ગાયની ઓલાદ સુધારણા માટે કરવામાં આવશે.

# અનુ. જાતિના તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ અને પ્રમાણપત્ર આપવાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર અને સીડેક ગાંધીનગર દ્વારા તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ અને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ અને નિગમના ચેરમેન શ્રી ઝવેરભાઈ ચાવડા (નિવૃત્ત આઈ.એ.એસ.)ના હસ્તે અનુ. જાતિના વેબ ટેકનોલોજીસ્ટ કોર્સની તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને તેના પ્રમાણપત્ર તથા સ્ટાઈપેન્ડ રૂ. ૨,૩૨,૦૦૦ રકમના ચેકનું વિતરણ કરવામાં આવ્યા હતા. સમારંભમાં નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રી આર.એમ. જાદવ (આઈ. એ. એસ.) જનરલ મેનેજરશ્રી શારદાબેન ભૂરીયા, તથા ગાંધીનગરના સંચાલક શ્રી ચેતનભાઈ પટેલ તેમનો સ્ટાફ, નિગમનો સ્ટાફ, જિલ્લાની નિગમ કચેરીનો સ્ટાફ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત તાલીમાર્થી ભાઈ-બહેનોને નિગમના અધ્યક્ષશ્રી ઝવેરભાઈ ચાવડા (નિ.આઈ.એ.એસ.)એ તાલીમથી રોજગારી પ્રાપ્ત થાય તેવા પ્રયાસો કરવા જણાવ્યું હતું. સાથોસાથ સીડેકના અધિકારીશ્રીઓને પણ તાલીમ બરાબર અપાય અને તે તાલીમ મેળવેલ તાલીમાર્થીઓને તેમના રૂચિ પ્રમાણેના કોર્સ/વ્યવસાયમાં જોડાય તેની વ્યવસ્થા પણ થાય તે તરફ ધ્યાન દોર્યું. સાથોસાથ હવે પછી જે તે જિલ્લામાં અનુસૂચિત જાતિના ઈસમો રોજગારીની તકોથી વંચિત છે અને તેમને ખરેખર રોજગારીની જરૂરીયાત છે તેવા વ્યક્તિઓને તારવી તેમને તેમની રૂચિ પ્રમાણેના કોર્સ માટેની તાલીમ અપાય અને તાલીમ મેળવ્યા પછી તેમને રોજગારી મળે તે માટે સીડેક કક્ષાથી પણ સહકાર મળે તે અંગે યોગ્ય કરવા જણાવ્યું હતું.

મેનેજીંગ ડીરેકટરશ્રી જાદવે પણ તાલીમાર્થી ભાઈ-બહેનોને તાલીમનો સદઉપયોગ કરી આગળ ધપવા અપીલ કરી.

અંતમાં સીડેક ગાંધીનગરના સંચાલક શ્રી ચેતન પટેલે આભારવિધિ કરી કાર્યક્રમને સંપન્ન કરવામાં આવ્યો.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬

સૂર્યાસ્ત : ૬.૪૮

### તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૩ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :

બર્ફી : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

બર્ફી: ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

રાઝ-૩ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

રાઝ-૩ ૧૦.૦૦, ૧૦.૦૦

એક થા ટાઈગર : ૧૨.૩૦

જીના હૈ તો ઠોક ડાલ : ૩.૦૦, ૭.૪૫

કયામત રહી કયામત : ૫.૧૫

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

બર્ફી : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫

: સ્ક્રીન-૨ :

રાઝ-૩ (૨ડી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

બર્ફી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦,૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

જીના હૈ તો ઠોક ડાલ : ૯.૦૦, ૫.૩૦

બર્ફી : ૧૧.૩૦, ૮.૩૦

એક થા ટાઈગર : ૨.૩૦

**સૂર્યા, વાવોલ**

એક થા સૉલજર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સાજણ મને તમારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

બર્ફી : ૧૦.૩૦, ૧.૧૫, ૨.૦૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

રાઝ-૩ : ૧૧.૧૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

લવ સૅક્સ એન્ડ મલ્ટીપ્લેક્ષ: ૧૦.૪૫, ૧૦.૧૫

જીના હૈ તો ઠોક ડાલ : ૧.૩૦, ૭.૩૦

બર્ફી : ૫.૦૦

**ચિરાગ, કલોલ**

સાજણ તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ધાર્મિક**

- અધિક ભાદરવા (પુરૂષોત્તમ) માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં અન્નકુટ (રાજભોગમાં)

### આપની આજ

**મેષ** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય પસાર થશે. ખાનપાનમાં ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી, વગેરે જેવા જવાબદારી ભર્યા કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકશે.

**વૃષભ** : વિશેષ ભાગ્યવર્ધક કાર્યોથઈ શકશે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થશે. વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્તી થવાનો યોગ.

**મિથુન** : પદોન્નતિ, ભૂમિ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાનું થશે. અટવાયેલા પ્રશ્નોનું નિરાકરણ મળી શકશે.

**કર્ક** : શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકશે. ધર્મ આધ્યાત્મ સંબંધી ગહન શોધ કાર્ય થઈ શકે છે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ વૃદ્ધિ થતી જણાય.

**સિંહ** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવનાઓ છે. ઋતુ પ્રમાણે આહાર લેવો. મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ.

**કન્યા** : સંતાન અને ઐશ્વર્ય પર ખર્ચ સંતોષ આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ધાર્મિક યાત્રાઓ થઈ શકશે. સમાજિકક્ષેત્રમાં પદ, પ્રતિષ્ઠામાં વધારો થશે.

**તુલા** : પરાક્રમની પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. નવા કાર્યોમાં ભાગદોડમાં વધારો થશે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધ બનશે. વાહન ખરીદવાની સંભાવના છે .પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે.

**ધન** : સામાજિક ક્ષેત્રે લાભ મળી શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**મકર** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ ખશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**કુંભ** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. સુખદ સમાચાર મળશે.

### ચિરવિદાય

- સ્વ. પૃથ્વીસિંહ બલુસિંહ સોલંકી (ઉ.વ. ૩૭) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પદ્માબેન કાન્તીલાલ શાહ (ઉ.વ. ૬૩) ૧૪૪, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. પ્રભાતસિંહ કચરાજી ઠાકોર (ઉ.વ. ૪૧) પંચદેવ મંદિર સામેના છાપરાં, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. ભાનુમતીબેન વિષ્ણુશંકર બુચ (ઉ.વ. ૯૪) પ્લોટ નં. ૪૭૧/૧, વિરાટનગર સોસાયટી, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. ગંગારામ ગણેશભાઈ રાઠોડ (ઉ.વ. ૭૨) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શકરીબેન મફતલાલ દંતાણી (ઉ.વ. ૭૦) મુ.પો. ઝુલાસણ, તા. કડી, જિ. મહેસાણા.